

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 205
Dt.: 06-04-2025,
Sunday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### સંરક્ષણ-માહિતી-ટેકનોલોજી સહિત ૭ કરારો પર લાગી મહોર

# ભારત અને શ્રીલંકા વચ્ચે અનેક મહત્વપૂર્ણ કરારો પર હસ્તાક્ષર

**શ્રીલંકાના પ્રમુખે વડા પ્રધાન મોદીને આશ્વાસન આપ્યું કે, અમારી સરકાર ક્યારેય પોતાની જમીનનો ઉપયોગ ભારતના સુરક્ષા હિતો વિરુદ્ધ થવા નહીં દે**





(સંપૂર્ણ સમાચાર સેવા)કોલંબો

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસના શ્રીલંકાના પ્રવાસે છે. ત્યારે આ દરમિયાન પીઅમ મોદીએ શ્રીલંકાના પ્રમુખ અનુરા કુમારા દિસાનાયકે સાથે દ્વિપક્ષીય વાટાઘાટો બાદ શનિવારે અનેક મહત્તવપૂર્ણ કરારો પર હસ્તાક્ષર કર્યા. આમાં એક ઐતિહાસિક સંરક્ષણ સમજૂતી પણ સામેલ છે. આ પહેલી વાર છે જ્યારે ભારત અને શ્રીલંકાએ સંરક્ષણ ક્ષેત્રમાં આવા કોઈ ઔપચારિક કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

આ દરમિયાન શ્રીલંકાના પ્રમુખે વડા પ્રધાન મોદીને આશ્વાસન આપ્યું કે, અમારી સરકાર ક્યારેય પોતાની જમીનનો ઉપયોગ ભારતના સુરક્ષા હિતો વિરુદ્ધ થવા નહીં દે. શ્રીલંકાના પ્રમુખના આ નિવેદનથી ભારતની સૌથી મોટી ચિંતા દૂર થઈ ગઈ છે. કારણ કે, આ નિવેદનને ચીનના વધતા પ્રભાવ અને રોકાણ અંગે ભારતની ચિંતાઓને દૂર કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે. બંને પક્ષોએ ત્રિંકોમાલીને ઉર્જા કેન્દ્ર તરીકે વિકસાવવા માટે એક કરાર પર પણ હસ્તાક્ષર કર્યા છે. શ્રીલંકાના પૂર્વી પ્રદેશમાં નવી દિલ્હીની બહુ-ક્ષેત્રીય ગ્રાન્ટ સહાય પહોંચાડવા માટે વધુ એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. વડાપ્રધાન મોદી અને પ્રમુખ દિસાનાયકેએ સમપુર સૌર ઉર્જા પ્રોજેક્ટનું પણ ડિજિટલ માધ્યમથી ઉદ્ઘાટન કર્યું. મોદી બેંગકોકની મુલાકાત પૂર્ણ કર્યા પછી શુક્રવારે સાંજે કોલંબો પહોંચ્યા હતા. તેમણે બેંગકોકમાં BIMSTEC (બે ઓફ બંગાળ ઈનિશિયેટિવ ફોર મલ્ટી-સેક્ટરલ ટેકનિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન) સમિટમાં ભાગ લીધો હતો.

વિદેશ મંત્રી વિજીથા હેરાથ, આરોગ્ય મંત્રી નાલિન્દા જયતિસા અને મત્સ્યઉદ્યોગ મંત્રી રામલિંગમ ચંદ્રશેખર સહિત શ્રીલંકાના પાંચ ટોચના મંત્રીઓએ મોદીનું સ્વાગત કર્યું. દિસાનાયકે સાથેની વાતચીત પહેલાં શ્રીલંકાની રાજધાનીના મધ્યમાં આવેલા ઐતિહાસિક સ્વતંત્રતા ચોકમાં પીએમ મોદીનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું. આ કદાચ પહેલી વાર છે જ્યારે કોઈ બીજા દેશના નેતાને આ રીતે સન્માનિત કરવામાં આવ્યા હોય. દિસાનાયકેએ સ્ક્વેર પર વડાપ્રધાનનું સ્વાગત કર્યું. ઈન્ડિપેન્ડન્સ સ્ક્વેર રાષ્ટ્રીય દિવસની ઉજવણીનું સ્થળ છે. તેનું નામ સ્વતંત્રતા સ્મારક હોલ પરથી લેવામાં આવ્યું છે જે ૧૯૪૮માં બ્રિટિશ શાસનથી શ્રીલંકાની સ્વતંત્રતાની યાદમાં બનાવવામાં આવ્યું હતું.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે X પર લખ્યું કે, પ્રમુખ દિસાનાયકેએ વડાપ્રધાન મોદીનું કોલંબોના ઈન્ડિપેન્ડન્સ સ્ક્વેર પર ઉષ્માભર્યું સ્વાગત કર્યું. અધિકારીઓએ કહ્યું કે, આ પહેલી વાર હતું જ્યારે કોઈ બીજા દેશના નેતાનું સ્ક્વેર પર આટલું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હોય. વડાપ્રધાને આ પ્રવાસ એવા સમયે કર્યો છે જ્યારે શ્રીલંકા આર્થિક સંકટમાંથી બહાર આવવાના સંકેતો આપી રહ્યું છે. શ્રીલંકા ત્રણ વર્ષ પહેલાં મોટા આર્થિક સંકટનો સામનો કરી રહ્યું હતું અને ભારતે તેને ૪.૫ અબજ યુએસ ડોલરની આર્થિક સહાય કરી હતી. ત્યારબાદ પ્રમુખ દિસાનાયકેએ વડાપ્રધાન મોદીને શ્રીલંકાના સર્વોચ્ચ નાગરિક સન્માન મિત્ર વિભૂષણથી સન્માનિત કર્યા. પોતાના સંબોધનમાં મોદીએ કહ્યું કે, ભારત દરેક મુશ્કેલ સમયમાં શ્રીલંકાની પડખે ઉભું રહ્યું છે, પછી ભલે તે ૨૦૧૯નો આતંકવાદી હુમલો હોય, કોરોના મહામારી હોય કે તાજેતરનો આર્થિક સંકટ હોય. અમારી મિત્રતા વિશ્વાસ પર આધારિત છે. પહેલી વાર ભારત અને શ્રીલંકાએ મહત્વાકાંક્ષી સંરક્ષણ સહયોગ કરાર પર હસ્તાક્ષર કર્યા. બંને પક્ષોએ ત્રિંકોમાલીને ઉર્જા કેન્દ્ર તરીકે વિકસાવવા માટે એક કરાર પર પણ હસ્તાક્ષર કર્યા. શ્રીલંકાના પૂર્વીય પ્રદેશને નવી દિલ્હીની બહુ-ક્ષેત્રીય ગ્રાન્ટ સહાયને સરળ બનાવવા માટે અન્ય એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. પીએમ મોદી અને રાષ્ટ્રપતિ દિસાનાયકે પણ વર્ચ્યુઅલી સંપુર સોલાર પાવર પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું. બંને નેતાઓ વચ્ચેની વાતચીત બાદ બંને પક્ષો વચ્ચે અનેક કરારો પણ થયા.

● વીજળીની આયાત/નિકાસ માટે HVDC ઈન્ટરકનેક્શનના અમલીકરણ માટે ભારત સરકાર અને શ્રીલંકા સરકાર વચ્ચે કરાર પર હસ્તાક્ષર.

● ડિજિટલ પરિવર્તન માટે વસ્તી સ્તરે અમલમાં મુકાયેલા સફળ ડિજિટલ ઉકેલોને શેર કરવાના ક્ષેત્રમાં સહયોગ પર સંમતિ સધાઈ.

● ત્રિંકોમાલીને ઉર્જા કેન્દ્ર તરીકે વિકસાવવામાં સહયોગ માટે ભારત સરકાર, શ્રીલંકા સરકાર અને સંયુક્ત આરબ અમીરાત સરકાર વચ્ચે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

● ભારત સરકાર અને શ્રીલંકા સરકાર વચ્ચે સંરક્ષણ સહયોગ અંગે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

● પૂર્વીય પ્રાંત માટે બહુ-ક્ષેત્રીય ગ્રાન્ટ સહાય કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

● ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને શ્રીલંકા સરકારના આરોગ્ય અને માસ કોમ્યુનિકેશન મંત્રાલય વચ્ચે આરોગ્ય અને દવાના ક્ષેત્રમાં સહયોગ અંગે એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

● ભારતીય ફાર્માકોપિયા કમિશન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર અને રાષ્ટ્રીય દવા નિયમનકારી સત્તામંડળ, શ્રીલંકા વચ્ચે ફાર્માકોપિયા સહકાર પર કરાર.

### તમે માત્ર પાડોશી જ નહીં પરંતુ મિત્ર પણ છો : મોદી

# પીએમ મોદીનું શ્રીલંકાના સર્વોચ્ચ નાગરિક સન્માનથી બહુમાન

**શ્રીલંકાની સરકાર દ્વારા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા**



(સંપૂર્ણ સમાચાર સેવા)કોલંબો

શ્રીલંકાની સરકાર દ્વારા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સર્વોચ્ચ નાગરિક પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.આ પ્રસંગે પીએમ નરેન્દ્ર મોદીએ શ્રીલંકન સરકારનો આભાર માનતા કહ્યું હતું કે, તમે અમારા માત્ર પાડોશી જ નહીં પરંતુ મિત્ર પણ છો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી શ્રીલંકાની સત્તાવાર મુલાકાતે પહોંચ્યા છે અને ત્યાં તેમનું પરંપરાગત સ્વાગત કરવા ઉપરાંત શ્રીલંકાના સર્વોચ્ચ નાગરિક સન્માનથી નવાજવામાં આવ્યા હતા. પીએમ મોદીએ આ સન્માન માટે શ્રીલંકાનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે આ ફક્ત તેમના માટે જ નહીં પરંતુ ૧૪૦ કરોડ ભારતીયો માટે સન્માન છે. પીએમ મોદી શ્રીલંકાના ૩ દિવસના પ્રવાસે છે. પીએમ મોદીની મુલાકાતના પહેલા દિવસે ભારત અને શ્રીલંકા વચ્ચે સંરક્ષણ અને માળખાગત સુવિધાઓ સહિત અનેક કરારો પર હસ્તાક્ષર થયા હતા. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું હતું કે, 'ભારતનું વિઝન સબકા સાથ, સબકા વિકાસ રહ્યું છે. અમે મિત્ર દેશોને પ્રાથમિકતા આપીએ છીએ. શ્રીલંકા ફક્ત આપણો પાડોશી દેશ જ નથી પણ એક સારો મિત્ર પણ છે. શ્રીલંકાના મુશ્કેલ સમયમાં અમે તેની સાથે મજબૂતીથી ઊભા રહ્યા છીએ. આજે પ્રમુખ દિસાનાયકે દ્વારા શ્રીલંકા મિત્ર વિભૂષણાય એવોર્ડ એનાયત થયો તે મારા માટે ગર્વની વાત છે. આ સન્માન ફક્ત મારું નથી, પરંતુ ૧૪૦ કરોડ ભારતીયોનું સન્માન છે. આ ભારત અને શ્રીલંકા વચ્ચેના ઐતિહાસિક સંબંધો અને ગાઢ મિત્રતાને અંજલિ છે. ભારત માટે ગર્વની વાત છે કે આપણે એક સાચા પાડોશી અને મિત્ર તરીકેની આપણી ફરજો નિભાવી છે.

ભારત અને શ્રીલંકા વચ્ચેના મજબૂત સંબંધોનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું, '૨૦૧૯નો આતંકવાદી હુમલો હોય, કોવિડ રોગચાળો હોય કે તાજેતરનું આર્થિક સંકટ હોય- દરેક મુશ્કેલ પરિસ્થિતિમાં અમે શ્રીલંકાના લોકો સાથે ઊભા રહ્યા છીએ.' અમારી નેબરહુડ ફર્સ્ટ નીતિ અને વિઝન 'મહાસાગર' બંનેમાં શ્રીલંકાનું વિશેષ સ્થાન છે. ભારતે 'સબકા સાથ સબકા વિકાસ'નું વિઝન અપનાવ્યું છે. અમે અમારા ભાગીદાર દેશોની પ્રાથમિકતાઓને પણ મહત્વ આપીએ છીએ. છેલ્લા ૬ મહિનામાં જ, અમે ૧૦૦ મિલિયન ડોલરથી વધુની લોનને ગ્રાન્ટમાં રૂપાંતરિત કરી છે. ભારત અને શ્રીલંકા વચ્ચે સદીઓ જૂના આધ્યાત્મિક અને સ્નેહપૂર્ણ સંબંધો છે. મને તમને જણાવતા ખૂબ આનંદ થાય છે કે ૧૯૬૦માં ગુજરાતના અરવલ્લીમાં મળેલી ભગવાન બુદ્ધને લગતી વસ્તુઓ પ્રદર્શન માટે શ્રીલંકા મોકલવામાં આવી રહી છે. ભારત ત્રિંકોમાલીમાં તિરુકોનેશ્વરમ મંદિરના નવીનીકરણમાં સહયોગ કરશે. અમે માછીમારોની આજીવિકા સંબંધિત મુદ્દાઓ પર પણ ચર્ચા કરી. અમે સંમત છીએ કે આપણે આ બાબતમાં માનવતાવાદી અભિગમ અપનાવવો જોઈએ. અમે માછીમારોને તાત્કાલિક મુક્ત કરવા અને તેમની બોટો પરત કરવા પર પણ ભાર મૂક્યો. ભારત અને શ્રીલંકા વચ્ચેના સંબંધો પરસ્પર વિશ્વાસ અને સદ્ભાવના પર આધારિત છે.

### જસ્ટિસ વર્મા કોઈ કામ નહીં કરી શકે

# જસ્ટિસ યશવંત વર્માએ અલ્લાહાબાદ હાઈકોર્ટના જજ તરીકે શપથ લીધા

**કેશ કૌભાંડ કેસની તપાસ પૂરી નહિ થાય ત્યાં સુધી જસ્ટિસ યશવંત વર્મા નહી કરી શકે ન્યાયિક કાર્ય**



(સંપૂર્ણ સમાચાર સેવા) અલ્લાહાબાદ

કેશ કૌભાંડના આરોપોથી ઘેરાયેલા જસ્ટિસ યશવંત વર્માએ અલ્હાબાદ હાઈકોર્ટમાં જજ તરીકે શપથ લીધા છે. અલ્હાબાદ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અરુણ ભણસાલીએ યશવંત વર્માને શપથ લેવડાવ્યા હતા. જજોની શપથવિધિ સામાન્ય રીતે ચીફ જસ્ટિસ કોર્ટ રૂમમાં થાય છે, જેમાં હાઈકોર્ટના તમામ ન્યાયાધીશો અને વરિષ્ઠ વકીલોને આમંત્રિત કરવામાં આવે છે.

જોકે વિવાદોના કારણે જસ્ટિસ યશવંત વર્માએ ચીફ જસ્ટિસની ચેમ્બરમાં જ શપથ લીધા છે. કેશ કૌભાંડના આરોપોથી ઘેરાયા બાદ સુપ્રીમ કોર્ટના કોલેજિયમે જસ્ટિસ યશવંત વર્માને અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવાની ભલામણ કરી હતી. કેન્દ્ર સરકારે ૨૮ માર્ચે કોલેજિયમની ભલામણને મંજૂરી આપી હતી. જસ્ટિસ યશવંત વર્માએ શનિવાર, ૫ એપ્રિલના રોજ અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે શપથ લીધા હતા. જો કે જ્યાં સુધી કેશ કૌભાંડ કેસની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેમને કોઈ ન્યાયિક કાર્ય સોંપવામાં આવશે નહીં.

આ પગલું સુપ્રીમ કોર્ટના નિર્દેશ પર લેવામાં આવ્યું છે. ગયા અઠવાડિયે, સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને આ મામલે નિર્દેશ આપ્યો હતો. નોટ રિકવરી કેસમાં ફસાયા બાદ જસ્ટિસ યશવંત વર્માની દિલ્હી હાઈકોર્ટમાંથી બદલી કરવામાં આવી છે.

ગયા મહિને હોળીના તહેવાર પર જસ્ટિસ વર્માના દિલ્હીના આવાસના બહારના ભાગમાં આગ લાગી હતી. આગ ઓલવવા ગયેલા ફાયર બ્રિગેડ દ્વારા ચલણી નોટનો મુદ્દામાલ બહાર આવ્યો હતો. આનો એક વીડિયો પણ વાઈરલ થયો હતો. આ પછી જસ્ટિસ વર્મા પર ભ્રષ્ટાચારનો આરોપ લાગ્યો હતો. જો કે, ન્યાયાધીશે આરોપોને નકારી કાઢ્યા અને તેમાં પોતાને ફસાવવાનું કાવતરું ગણાવ્યું. ત્યારબાદ, ચીફ જસ્ટિસએ ૨૨ માર્ચે આંતરિક તપાસ શરૂ કરી અને જસ્ટિસ વર્મા સામેના આરોપોની તપાસ કરવા માટે ત્રણ હાઈકોર્ટના ન્યાયાધીશોની એક પેનલની રચના પણ કરી. દરમિયાન, કોલેજિયમે જસ્ટિસ વર્માને તેમના વતન અલ્હાબાદ હાઈકોર્ટમાં મોકલવાની ભલામણ કરી હતી.

### મુખ્યમંત્રી યોગીએ આગળનો પ્લાન કર્યો જાહેર

# વક્ફના નામ ઉપર કબજે કરાયેલી જમીનો પરત લઈશું

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સંસદથી પાસ થઈ ચૂકેલા વક્ફ સંશોધન અધિનિયમને લઈને આગળનો પ્લાન શનિવારે જાહેર કર્યો હતો. મહારાજગંજમાં યોગીએ કહ્યું હતું કે, લાખો એકર જમીન વક્ફ બોર્ડના નામ પર કબ્જે કરવાનું કામ કરાયું હતું. કેટલાક લોકો માટે તે લૂંટનું માધ્યમ બની ગયું હતું. જેના પર હવે સંપૂર્ણ રીતે લગામ લાગશે. આ જમીનો પરત લેવામાં આવશે. હવે વક્ફ બોર્ડની જમીન પર કોઈ લૂંડ નહીં કરી શકે. જાહેર જમીન પર કોઈ કબજો કરી શકશે નહીં. જે પણ જાહેર જમીન હશે તેનો ઉપયોગ શાળાઓ, હોસ્પિટલો, કોલેજો અને મેડિકલ કોલેજો બનાવવા માટે કરવામાં આવશે.મુખ્યમંત્રી યોગીએ મહારાજગંજના નૌતનવા બ્લોકના રતનપુરમાં ૧૫૦ કરોડના ખર્ચે બનેલા રોહિન બૈરાજનું ઉદ્ઘાટન કર્યા બાદ લોકોને સંબોધિત કર્યા હતા.

અગાઉની સરકારો પર નિશાન સાધતા તેમણે કહ્યું હતું કે, ઘણાં વર્ષો સુધી ઉત્તરપ્રદેશની સત્તા સંભાળતી સરકારો પાસે પોતાનું પેટ ભરવાનો પણ સમય નહોતો. મુખ્યમંત્રીએ રૂ. ૬૫૦ કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો.

**મહારાજગંજમાં યોગીએ કહ્યું હતું કે, લાખો એકર જમીન વક્ફ બોર્ડના નામ પર કબ્જે કરવાનું કામ કરાયું હતું**

બીજી તરફ રાહુલ ગાંધીએ વક્ફ બિલ પર પોતાનો વિરોધ દર્શાવતા સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આ મામલે X પર પોસ્ટ કરતા લખ્યું હતું કે, મેં પહેલા જ કહ્યું હતું કે વક્ફ બિલ માત્ર મુસ્લિમોને જ નહીં પરંતુ અન્ય ધર્મોને પણ નિશાન બનાવવાનો માર્ગ મોકળો કરી શકે છે. હવે આરએસએસે ખ્રિસ્તી સમુદાય પર પણ ધ્યાન આપવાનું શરૂ કર્યું છે. આવા સમયે આપણું બંધારણ જ આપણને આવા હુમલાઓથી બચાવી શકે છે અને તેનું રક્ષણ કરવું આપણા સૌની જવાબદારી છે.

આ મામલે રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું હતું કે, RSS, BJP અને તેમના સાથી પક્ષો દ્વારા બંધારણ પરનો આ હુમલો આજે મુસ્લિમોને નિશાન બનાવે છે, પરંતુ ભવિષ્યમાં અન્ય સમુદાયોને નિશાન બનાવવા માટે એક દાખલો બનશે.

### રેલવે ટ્રેક પર મળ્યો લોખંડનો પાઈપ

# પ્રયાગરાજ પાસે રેલવે અકસ્માતની આતંકી યોજના નિષ્ફળ બનાવાઈ

**ફાફામઉ-ઊંચાહાર રૂટ પર અટરામપુર રેલવે સ્ટેશન નજીક રેલવે ટ્રેક પર લોખંડનો થાંભલો મળી આવ્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)પ્રયાગરાજ

ફાફામઉ-ઊંચાહાર રૂટ પર અટરામપુર રેલવે સ્ટેશન નજીક રેલવે ટ્રેક પર લોખંડનો થાંભલો મળી આવ્યો હતો. એક માલગાડી પાટા પરથી પસાર થવાની તૈયારીમાં હતી. જ્યારે લોકો પાઈલટે પોલ જોયો, ત્યારે તેણે ઈમરજન્સી બ્રેક લગાવી અને ટ્રેન રોકી દીધી. આ ઘટનાની જાણ તાત્કાલિક કંટ્રોલ રૂમને કરવામાં આવી અને થાંભલો ટ્રેક પરથી દૂર કરવામાં આવ્યો. થાંભલો કોણે મૂક્યો તેની શોધખોળ ચાલી રહી છે. આરપીએફ, જીઆરપી સાથે ગુપ્તચર એજન્સીઓને પણ સક્રિય કરવામાં આવી છે.માલગાડીના લોકો પાયલટ સંયોગ શર્માએ જણાવ્યું કે તે માલગાડી લઈને ઊંચાહાર તરફ જઈ રહ્યો હતો. સવારે લગભગ ૪:૧૫ વાગ્યે ટ્રેક પર થાંભલો દેખાયો. આ કિસ્સામાં, ટ્રેન મેનેજર પ્રવીણે પોતાનો રિપોર્ટ પણ આપ્યો છે કે થાંભલાને કારણે અકસ્માત થવાની સંભાવના હતી અને માલગાડી પાટા પરથી ઉતરી શકતી હતી. હાલમાં તેને ટ્રેન પલટી નાખવાનું કાવતરું માનવામાં આવી રહ્યું છે. આ કેસમાં પ્રયાગરાજ આરપીએફના ઈન્ચાર્જ આરબી સિંહે જણાવ્યું હતું કે પ્રયાગરાજ આરપીએફ ચોકી પર કેસનો રિપોર્ટ નોંધવામાં આવી રહ્યો છે. જે લોકોએ થાંભલા પકડી રાખ્યા હતા તેમને શોધવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે ઘટના સ્થળથી લગભગ ૧૪ કિમી દૂર ટ્રેક પર સિલિન્ડર, સાયકલ વગેરે મૂકીને વીડિયો બનાવવાનો કિસ્સો પણ પ્રકાશમાં આવ્યો હતો.

### વક્ફ બિલ અંગે રાજકારણ ગરમાયું

# મુસ્લિમ લો બોર્ડે રાષ્ટ્રપતિને મળવા માટે સમય માંગ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે સંસદ દ્વારા પસાર કરવામાં આવેલા વકફ સુધારા બિલ પર તેની ચિંતા વ્યક્ત કરવા માટે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાતની માંગ કરી છે. આ બિલને સંસદના બંને ગૃહોની મંજૂરી મળી ગઈ છે. હવે રાષ્ટ્રપતિની મંજુરીથી આ કાયદો અમલમાં આવશે.

પર્સનલ લો બોર્ડ અનુસાર, બોર્ડના જનરલ સેક્રેટરી મૌલાના ફઝલુર રહીમ મુજદ્દીદીએ રાષ્ટ્રપતિને લખેલા પત્રમાં કહ્યું છે કે બિલ દ્વારા કરવામાં આવેલા સુધારામાં વકફ સંસ્થાના વહીવટ અને સ્વાયત્તતાને અસર કરતા ફેરફારોનો સમાવેશ થાય છે.

પત્રમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે તમને મળવાનો અમારો હેતુ તાજેતરમાં પસાર થયેલ વકફ (સુધારા) બિલ ૨૦૨૫ અને સમગ્ર દેશમાં મુસ્લિમ સમુદાય પર તેની અસરો વિશે અમારી ઊંડી ચિંતા વ્યક્ત કરવાનો છે. બોર્ડે દાવો કર્યો હતો કે આ બિલ સંપૂર્ણપણે ગેરબંધારણીય અને દેશના મુસ્લિમો પર હુમલો છે. બોર્ડના જનરલ સેક્રેટરી મૌલાના ફઝલુર રહીમ મુજદીદીએ પત્રમાં જણાવ્યું હતું કે અમે માનીએ છીએ કે કાયદાની કલમની જોગવાઈઓ પર પુનર્વિચાર કરવો જરૂરી છે, કારણ કે તે ભારતીય બંધારણમાં આપવામાં આવેલા મૂળભૂત અધિકારો, ખાસ કરીને ધાર્મિક સ્વતંત્રતા, સમાનતા અને ધાર્મિક સંસ્થાઓના રક્ષણ સાથે અસંગત છે. પત્રના અંતમાં, એવી વિનંતી કરવામાં આવી છે કે રાષ્ટ્રપતિ મુર્મુએ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મીટિંગ માટે સમય આપવો જોઈએ, જેથી અમે અમારી ચિંતાઓ રજૂ કરી શકીએ અને બંધારણીય માળખામાં સંભવિત ઉકેલો અંગે ચર્ચા કરી શકીએ. તમને જણાવી દઈએ કે વકફ (સુધારા) બિલ, ૨૦૨૫ પર ગુરુવારે રાજ્યસભામાં ચર્ચા શરૂ થઈ હતી અને સતત બેઠક બાદ શુક્રવારે વહેલી સવારે આ બિલ પાસ થઈ ગયું હતું. વકફ (સુધારા) બિલની તરફેણમાં ૧૨૮ અને વિરોધમાં ૯૫ મત પડ્યા હતા. લોકસભાએ તેને એક દિવસ પહેલા જ મંજૂરી આપી દીધી હતી. આ બિલનો હેતુ વકફ બોર્ડના માળખામાં ફેરફાર કરવાનો અને વકફ એક્ટમાં સુધારા દ્વારા કાનૂની વિવાદો ઘટાડવાનો છે. બિલ પસાર કરવા માટે રાજ્યસભાની બેઠક શુક્રવારે રાત્રે ૨.૩૦ વાગ્યા સુધી ચાલુ રહી. વિપક્ષના તમામ સુધારાઓ ફગાવી દેવામાં આવ્યા હતા.

# વિક્લી માર્કેટ રિપોર્ટ : સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહ: સોનાના વાયદામાં રૂ.૭૫૨નો ઉછાળો, ચાંદીમાં રૂ.૬,૯૧૪નો કડાકો

## ક્રૂડ તેલનો વાયદો રૂ.૨૬૦ લપસ્યોઃ સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૭૮,૦૪૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮,૧૪,૦૮૦ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧,૩૮,૪૩૪ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૦૯૭૪ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર ૨૮ માર્ચથી ૩ એપ્રિલના સપ્તાહ દરમિયાન, વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૯,૯૨,૧૪૯.૭૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧,૭૮,૦૪૮.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮,૧૪,૦૮૦.૩૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ એપ્રિલ વાયદો ૨૦૯૭૪ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૩૮૪૩૪.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૮૯૭૧૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૯૧૪૨૩ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શી, નીચામાં રૂ.૮૮૭૨૭ બોલાઈ, રૂ.૮૯૩૦૫ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૭૫૨ના ઉછાળા સાથે રૂ.૯૦૦૫૭ થયો હતો. ગોલ્ડ-ગિની એપ્રિલ વાયદો સપ્તાહના અંતે ૮ ગ્રામદીઠ રૂ.૬૭૭ ઊછળી રૂ.૭૨૩૮૧ થયો હતો. ગોલ્ડ-પેટલ એપ્રિલ વાયદો સપ્તાહના અંતે ૧ ગ્રામદીઠ રૂ.૭૩ વધી રૂ.૯૦૯૭ થયો હતો. સોનું-મિની મે વાયદો સપ્તાહના અંતે ૧૦ ગ્રામદીઠ રૂ.૯૪૭ની વૃદ્ધિ સાથે રૂ.૮૯૭૬૩ થયો હતો. ગોલ્ડ-ટેન એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૯૦૫૦૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૯૨૪૯૪ અને નીચામાં રૂ.૮૮૯૩૨ના મથાળે અથડાઈ, રૂ.૯૦૯૨૬ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૮૬૧ની તેજી સાથે રૂ.૯૦૦૬૫ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૧૦૧૬૮૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧૦૨૦૪૦ અને નીચામાં રૂ.૯૩૮૭૫ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૧૩૧૩ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૬૯૧૪ના ભાવઘટાડા સાથે રૂ.૯૪૩૯૯ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો સપ્તાહના અંતે રૂ.૬૭૦૮ ઘટી રૂ.૯૪૪૬૩ના ભાવે બંધ થયો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો સપ્તાહના અંતે રૂ.૬૬૭૮ ઘટી રૂ.૯૪૪૮૩ના સ્તરે પહોંચ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ.૧૦૬૪૧.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું એપ્રિલ વાયદો સપ્તાહના અંતે રૂ.૩૫.૩૫ ઘટી રૂ.૮૬૬.૨૫ના ભાવે બોલાયો હતો. જસત એપ્રિલ વાયદો સપ્તાહના અંતે રૂ.૧૪.૬ ઘટી રૂ.૨૫૮.૧ના ભાવે બંધ થયો હતો. એલ્યુમિનિયમ એપ્રિલ વાયદો સપ્તાહના અંતે રૂ.૧૨.૭૫ ઘટી રૂ.૨૩૮.૪૫ થયો હતો. સીસું એપ્રિલ વાયદો સપ્તાહના અંતે રૂ.૩.૮ ઘટી રૂ.૧૭૮.૨૫ના ભાવે બોલાયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૮૯૬૦.૦૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૬૦૦૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૧૮૨ અને નીચામાં રૂ.૫૬૪૫ના સ્તરને સ્પર્શી, રૂ.૫૯૯૫ના આગલા બંધ સામે સપ્તાહના અંતે રૂ.૨૬૦ ઘટી રૂ.૫૭૩૫ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો સપ્તાહના અંતે રૂ.૨૫૫ ઘટી રૂ.૫૭૪૦ થયો હતો. નેચરલ ગેસ એપ્રિલ વાયદો સપ્તાહના અંતે એમએમબીટીયુદીઠ રૂ.૧૫.૯ વધી રૂ.૩૫૩.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો સપ્તાહના અંતે રૂ.૧૬ વધી રૂ.૩૫૩.૭ થયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૯૨૫.૯ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૨.૧ ઘટી રૂ.૯૨૫.૨ થયો હતો. કોટન ખાંડી મે વાયદો સપ્તાહના અંતે ખાંડીદીઠ રૂ.૧૦૮૦ વધી રૂ.૫૪૯૮૦ થયો હતો. કામકાજની દ્રષ્ટિએ સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૮૬૭૫૫.૦૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૫૧૬૭૮.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૬૩૨૨.૩૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૪૩૯.૨૨ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૩૮૧.૮૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૪૯૭.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૭૪૩૧.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૨૧૫૨૮.૨૭ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૯.૪૪ કરોડનાં અને કોટન-ખાંડીના વાયદામાં રૂ.૪.૨૨ કરોડનાં કામ થયાં હતાં. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ એપ્રિલ વાયદો સપ્તાહના પ્રારંભે ૨૧૨૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં ૨૧૪૯૩ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૦૭૦૭ પોઈન્ટના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે ૧૭૬ પોઈન્ટ ઘટી ૨૦૯૭૪ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

# ગુજરાતના ૬ સ્માર્ટ સીટી મિશનમાં ૧૧૦૧૯ કરોડ નો ખર્ચ : અમદાવાદ, દાહોદ, ગાંધીનગર, રાજકોટ, સુરત અને વડોદરામાં ખર્ચ થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

આગામી ૩૦ એપ્રિલના રોજ સ્માર્ટ સીટીના પ્રોજેકટની મુદત પુરી થઈ રહી છે ત્યારે રાજયના ૬ શહેરોમાં સ્માર્ટ સીટી મિશન પાછળ રૂપીયા ૧૧ હજાર કરોડ ખર્ચ થયા છે જેમાં સૌથી વધુ પ્રોજેકટ સુરતમાં ૮૨ અને રાજકોટમાં ૭૦ થયા છે. ટ્રાફીકજામની સ્થિતિ સાથે અકસ્માતની ભીતી રસ્તા પર ઠેર ઠેર ખોદાતા ખાડા અને અનેક અધુરા પ્રોજેકટ છતા આશ્ચર્યની વાત એ છે કે અમદાવાદ, દાહોદ, ગાંધીનગર, રાજકોટ, સુરત અને વડોદરામાં ૧૧૦૧૯ હજાર કરોડના ખર્ચે સ્માર્ટ સીટી મિશનના ૩૪૫ પ્રોજેકટ પૂર્ણ થઈ ગયા છે. હજુ ૯ પ્રોજેકટ પાછળ ૪૩૨ કરોડ નો ખર્ચ થવાનો બાકી છે.

૩૧ મી માર્ચે સ્માર્ટ સીટીના પ્રોજેકટની સમયમર્યાદા પૂર્ણ થઈ રહી છે કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા સ્માર્ટ સીટી મિશન (એસસીએમ) નો મહત્વકાંક્ષી પ્રોજેકટ શરૂ કરાયો હતો. જેથી નાગરીકોને અત્યાધુનિક સુવિધા મળી શકે અને શહેરી સમસ્યાઓમાંથી મુકિત મળી શકે, લોકસભામાં એક સવાલના જવાબમાં મંત્રાલય દ્વારા અપાયેલી માહિતી મુજબ એસસીએમ પાછળ પસંદ કરાયેલા દેશભરના ૧૦૦ જેટલા શહેર પાછળ અત્યાર સુધી ૧,૫૦,૩૦૬ કરોડના ખર્ચે ૭૫૦૪ પ્રોજેકટ સંપન્ન કરી ૯૩ ટકા કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. હજુ ૧૪૩૨૯ કરોડની કિંમતના ૫૫૯ પ્રોજેકટ દેશભરમાં ચાલી રહ્યા છે.



જેમાં ગુજરાતનો પણ સમાવેશ થાય છે. તમામ ૩૫૪ પ્રોજેકટ ગુજરાતમાં પુર્ણ થયા બાદ એસસીએમ પાછળ કુલ ખર્ચ ૧૧૪૫૧ કરોડનો થશે.

# અરવલ્લી જિલ્લામાં દારૂની ગાડીઓની હેરાફેરી થતી હોવાના આક્ષેપો સાથે કલેકટરને રજુઆત

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

અરવલ્લી જિલ્લો રાજસ્થાનની સરહદે આવેલ જિલ્લો છે. જયાં મોટાભાગે કેટલેક અંશે દારૂની હેરાફેરી થતી હોય છે. જેને લઈ પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવે છે. દારૂનો વેપલો અટકાવવા પોલીસ ખડેપગે પણ રહે છે. પરંતુ કેટલીક વાર મીલીભગત ને લઈ દારૂની હેરાફેરીને લઈ અવનવી ચર્ચાઓ ચાલતી હોય છે. ત્યારે દારૂનુ દુષણ અટકાવવા માટે અરવલ્લી જિલ્લામાં ગ્રામજનો મેદાને આવ્યા છે. કેમ કે જિલ્લામાં ભરોસો કરવો તો કોનો કરવો ? જેવા અનેક પ્રશ્નો ઉદભવ્યા છે. ભિલોડા તાલુકો રાજસ્થાન બોર્ડરની હદમાં આવેલો તાલુકો છે. જે ભિલોડા અને રાજસ્થાનના હદમાં આવતા ગામડાઓ કુંડોલપાલ, ઝાંઝરી, ભાણમેર, ધનસોર, પાટીયાકુવા જેવા ગામો ભિલોડા પોલીસ સ્ટેશનની હદમાં આવે છે તેની હદમાંથી રોજેરોજ દારૂ ભરીને ગાડીઓ કાઢવામાં આવતી હોવાના આક્ષેપો સાથે રજુઆત કરી જણાવ્યુ હતું. કલેકટરને રજુઆતમાં જણાવ્યા અનુસાર ભિલોડા તાલુકાના હદ વિસ્તારના ગામડાઓના લોકોની ફરીયાદને આધારે માહિતી મળતા રોજની



અહીંથી ફોર વ્હીલરમાં અને બાઈકો પર દારૂ ભરીને પુરઝડપે ગાડીઓ નિકળે છે. લોકોને એકસીડન્ટ થાય તેવુ લાગી રહ્યુ છે અને લોકોમાં ભયજનક વાતાવરણ સર્જાયેલ છે. જેમાં મૌખિક અને પ્રાથમિક તપાસ કરતા હાલ ભિલોડા પોલીસ સ્ટેશનમાં આશરે ૩ મહિનાથી ફરજ બજાવતા ભિલોડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી પી ડાભી પોતાની પ્રાઈવેટ લાલ કલરની મારૂતિ સુઝુકી બલેનો જેનો નંબર જી જે ૧૮ બીજી ૮૧૨૭ લઈ તેઓ સીવીલ ડ્રેસમાં બોર્ડરની હદમાં ઉભા રહી એમની રહેમરાહ નીચે દારૂની ગાડીઓ પસાર કરવામાં મદદરૂપ થાય છે. તેમજ અન્ય બે પોલીસ કર્મી (ડી સ્ટાફ) ફરજ બજાવતા નામે રાજેન્દ્રભાઈ કાંતીભાઈ, નરેન્દ્રસિંહ દિપસિંહ જેઓ પોતાની સફેદ કલરની નંબરપ્લેટ વગરની અલ્ટો ગાડી લઈને આ દારૂ ભરેલ ગાડીઓનુ પેટ્રોલીંગ કરી ભિલોડા અને સાબરકાંઠા હદ વિસ્તાર પસાર કરવામાં મદદરૂપ થાય છે.

અને ત્યાંના લોકો જોડે પ્રાથમિક માહિતી મળતા પીએસઆઈ પી પી ડાભી પોતે હું ડીએસપીનો માણસ છુ એવુ કહી સ્થાનિક લોકો પર રોફ જમાવે છે તેવો ઉલ્લેખ આવેદનપત્રમાં પણ કર્યો છે. સાથે આ ગાંધીના ગુજરાતમાં પોલીસ અધિકારીઓ બુટલેગર બની ગયા હોય એવુ લાગી રહ્યુ છે. સાથે ભિલોડા તાલુકો અરવલ્લી જિલ્લામાં આવતો હોઈ આ વિસ્તારમાં દારૂની હેરાફેરી મોટા પ્રમાણમાં થતી હોવાથી કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા નિષ્પક્ષ તપાસ થાય તો અન્ય પણ નામો ખુલે તેવી શકયતા છે. તે સાથે યોગ્ય તપાસ કરી જે તે અધિકારી પર યોગ્ય પગલા ભરવા વિનંતી કરી છે. ભિલોડા કોંગ્રેસ સમિતિ પ્રમુખ તેમજ ગ્રામજનો દ્વારા જિલ્લા કલેકટર ને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

### કલેકટરોના અભિપ્રાયો વગર મહેસુલ વિભાગ દ્વારા આડેધડ બદલીઓ થયાનો આક્ષેપ

# રાજયમાં ૧૫૭ નાયબ મામલતદારોની જિલ્લા ફેરબદલીના હુકમોથી મહેસુલ કર્મચારી મંડળમાં નારાજગી

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં ગઈ કાલે નાયબ મામલતદાર સંવર્ગના ૧૫૭ કર્મચારીઓની જિલ્લા ફેર કરવામાં આવેલી બદલીઓના પગલે મહેસુલી કર્મચારીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે અને હવે મહેસુલી કર્મચારી (વર્ગ-૩) મંડળ પણ આ મામલે મેદાને આવ્યુ છે. કર્મચારી મંડળે નાયબ મામલતદારોની બદલીના હુકમોની અમલવારી મોકુફ રાખવા માંગણી કરી છે. યાદીમાં જણાવ્યુ છે કે તા. ૨/૪/૨૦૨૫ ના હુકમથી નાયબ મામલતદાર, વર્ગ-૩



સંવર્ગના કર્મચારીઓની આંતર જિલ્લા ફેરબદલીના હુકમ કરેલ છે. જેમાં મોટાભાગના સ્વવિનંતી / માંગણી સિવાયના નાયબ મામલતદારોને તેઓના જિલ્લામાંથી દુરના જિલ્લામાં બદલી કરવામાં આવી છે. જે બાબત યોગ્ય નથી. સદર બદલીઓથી કર્મચારીઓનુ સામાજિક જીવન સમાપ્ત થઈ જાય તેમ છે. આવી બદલીઓ કરતા પહેલા જે તે જિલ્લા કલેકટરનો અભિપ્રાય લેવો જરૂરી છે. છતાં આવી કોઈ સ્પષ્ટતા મેળવ્યા સિવાય સરકારની કક્ષાએથી કર્મચારીની સ્વવિનંતી/ માંગણી સિવાય આવા હુકમો કરવામાં આવેલ છે. જે કર્મચારીઓને અન્યાય સમાન છે જેથી સદર હુકમ ની અમલવારી તાત્કાલીક અસરથી મોકુફ રાખવા મહામંડળ કક્ષાએથી સરકારને રજુઆત કરવા વિનંતી કરી છે. સ્વવિનંતી / માંગણી સિવાયના કર્મચારીઓની આંતર જિલ્લા બદલી કરતો હુકમ તે કર્મચારી માટે અન્યાય રૂપ હોવાની સરકારને ઉગ્ર રજુઆત કરવામાં આવનાર છે.

આગામી તા.૧૭/૪/૨૦૨૫ સુધી બાળકોની શાળાની પરીક્ષાઓના કાર્યક્રમ હોઈ હાલ સદર સ્વવિનંતી / માંગણી સિવાયના કર્મચારીઓની આંતર જિલ્લા ફેરબદલીના હુકમની અમલવારી મોકુફ રાખવા રજુઆત કરાઈ છે. જો આવુ ન થાય તો તે કર્મચારી માનસિક રીતે હતાશ થઈ જાય છે અને તેના કારણે તેઓની સરકારી ફરજની કામગીરીમાં પણ અસર ઉભી થાય તેમ છે.

# ઉનાળામાં બપોરના સમયે એસી/પંખા વાપરવા મોંઘા નહી પડે : વીજ બીલમાં પ્રતિ યુનિટે ૬૦ પૈસાનો ફાયદો થશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિદ્યુક નિયંત્રક આયોગે ઉનાળાની સીઝનમાં લોકોને મોટી રાહત આપી છે આયોગ દ્વારા વીજ બીલની કિંમતમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી.

રાજયમાં નવા વીજ દર ૧ એપ્રિલ ૨૦૨૫ થી લાગુ થયા છે. આયોગે રાજય સરકાર હસ્તકની વીજ કંપની અને ટોરેન્ટ પાવર લીમીટેડના ગ્રાહકો માટે વીજ દરમાં કોઈ ફેરફાર કર્યો નથી. એટલે કે નવા ટેરીફમાં કોઈ વધારો લેવામાં આવ્યો નથી.

ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગે આપેલી માહિતી પ્રમાણે વીજ બીલમાં કોઈ વધારો થયો નથી. આ સાથે બપોરના સમયે ગરમીમાં એસી વાપરવુ મોઘુ પડશે નહી. આયોગે સવારે ૧૧ કલાકથી બપોરે ૩ કલાક સુધી વીજ વપરાશમાં યુનિટ દીઠ ૬૦ પૈસા રીબેટ આપવાનો નિર્ણય કર્યો છે. તો પીક સમય એટલે કે સવારે ૭ થી ૧૧ અને સાંજે ૬ થી ૧૦ કલાક સુધી ૪૫ પૈસા વધુ ચાર્જ ચુકવવો પડશે. આ સિવાય સ્માર્ટ મીટર અને પ્રીપેઈડ મીટર ઉપર ૨ ટકાની રીબેટ આપવાનો નિર્ણય લેવાયો છે. જે ગ્રાહકો પ્રી પેઈડ સ્માર્ટ મીટરીંગ અને બીલીંગની ગોઠવણી ની પસંદગી કરે એમના માટે એનર્જી ચાર્જમાં ૨ ટકા રીબેટ લાગુ પાડવામાં આવશે. આરજીપી, જીએલપી, એનઆરજીપી, એલટીએમડી,



એલટીઈવી ચાર્જીગ સ્ટેશનના ગ્રાહકો (સ્માર્ટ મીટર ગોઠવણી, પ્રી પેઈડ વિકલ્પ સાથે ) તથા એચટીપી-૧, એચટીપી-૨, અને એચટીઈવી ચાર્જીગ સ્ટેશનના તમામ ગ્રાહકો માટે ૧૧ કલાક થી ૧૫ કલાક દરમિયાન ના વીજ વપરાશ માટે યુનિટ દીઠ ૬૦ પૈસા છુટ નિર્ધારીત કરેલ છે.

એનઆરજીપી અને એલટીઈવી ચાર્જીગ સ્ટેશનોની શ્રેણીમાં ૧૦ કેવી થી વધુ કોન્ટ્રાકટ લોડ ધરાવતા એલટી ગ્રાહકો (સ્માર્ટ મીટરીંગ વ્યવસ્થા, પ્રી પેઈડ વિકલ્પ સાથે)અને એચટીઈવી ચાર્જીગ સ્ટેશનોના તમામ ગ્રાહકો માટે ૭ કલાક થી ૧૧ કલાક અને ૧૮ કલાક થી ૨૨ કલાક દરમિયાન ના વીજ વપરાશ માટે પ્રતિ યુનિટ ૪૫ પૈસાનો વધારાનો ચાર્જ લાગુ કરવામાં આવ્યો છે. બધા એચવી ગ્રાહકો માટે ૧ ટકા રીબેટ દાખલ કરવામાં આવ્યુ છે. ૩૩ કેવી / ૬૬ કેવી ઈએચવી ગ્રાહકો માટે રીબેટ વધારીને ૧.૫ ટકા અને બીએચવી ૧૩૨ કેવી અને તેથી વધુ ગ્રાહકો માટે રીબેટ વધારીને ૨ ટકા કરવામાં આવ્યુ છે. ગ્રીન પાવર શુલ્ક માટે વધારાના ટેરીફ રેટ રૂપીયા ૧ પ્રતિ યુનિટ થી ઘટાડીને ૯૦ પૈસા પ્રતિ યુનિટ કરેલ છે.

જેટકોના પ્રવહન માટેના હાલના દર રૂપીયા ૪૧૩૦.૩૨ પ્રતિ મેઘા વોટ (એમડબલ્યુ) પ્રતિ દિવસથી ઘટાડીને નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂપીયા ૩૯૧૮, ૦૧ પ્રતિ મેઘા વોટ (એમડબલ્યુ) પ્રતિદિવસ નિર્ધારીત કરેલ છે. ટુંકા ગાળાના વપરાશકર્તાઓ માટે પ્રવહન દર વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૩૭.૭૫ પૈસા પ્રતિ યુનિટ દીઠ મંજુર કરેલ છે. રાજય વીજભાર વાનગી કેન્દ્ર માટે નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે રૂપીયા ૫૬૫૪.૪૭ લાખ મંજુર કરવામાં આવ્યા છે.

# શૈક્ષણિક ડોકયુમેન્ટમાં હવે વિદ્યાર્થીઓના નામ પાછળ માતાનુ નામ લખાવી શકાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન સ્કુલોમાં અભ્યાસ કરી રહ્યા છે તેમજ પૂર્ણ થઈ ગયો હોય એવા તમામ વિદ્યાર્થીઓના નામ પાછળ માતાનુ નામ લખાવી શકાશે, અત્યાર સુધીમાં એકપણ ડોકયુમેન્ટ માં માતાનુ નામ લખવાની જોગવાઈ ન હતી. પરંતુ બોર્ડે તેના વિનિયમમાં ફેરફાર કરાતા માતાનુ નામ લખવાની નવી જોગવાઈનો ઉમેરો કર્યો છે.

આ પ્રકારનો ફેરફાર કરાવવા ઈચ્છતા લોકો જરૂરી ડોકયુમેન્ટ સાથે જે તે જિલ્લાના શિક્ષણ અધિકારી પાસે ફેરફાર કરાવી શકશે. ગુજરાત બોર્ડ સંલગ્ન સ્કુલોમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓના નામ પાછળ પિતાનુ નામ લખવામાં આવે છે. નવો ફેરફાર કરાયો છે એ મુજબ શૈક્ષણિક દસ્તાવેજોમાં પિતાના નામને બદલે માતાનુ નામ લખવુ હોય તેવા કિસ્સામાં સીવીલ કોર્ટનો હુકમ, રાજપત્રમાં માતાનુ નામ દાખલ થયાનો આધાર અને આનુષાંગીક પુરાવાઓ જેવા કે માતાનુ આધારકાર્ડ, કાયમી ખાતા નંબર પાનકાર્ડ, જાતિનુ પ્રમાણપત્ર, બેંક પાસબુક વગેરે રજુ કરેથી જિલ્લા શિક્ષણાધિકારી આવો સુધારો કરી શકશે. બાળકના પિતા બદલાય એવા કિસ્સામાં અરજદારે રજુ




કરવાના પુરાવામાં (૧) માતા પિતાનુ સંયુકત સોગંદનામુ (૨) સીવીલ કોર્ટના હુકમની નકલ(૩) રાજપત્રમાં પિતાનુ નામ દાખલ થયાના આધારની નકલ (૪) વિદ્યાર્થીના જન્મ તારીખના સર્ટીની નકલ (૫) લગ્ન નોધણી પ્રમાણપત્ર, છુટાછેડા થયાનો આધાર, છુટાછેડા હુકમનામુ, દત્તક વિધાનની નકલ.

# દબાણ હટાવવાની પ્રક્રિયા સામે વિરોધ કરી રહેલા ૧૮ વિરુદ્ધ FIR

## સોમનાથમાં ભારે હોબાળોઃ આ ઘટનાને પગલે પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં ધારાસભ્ય વિમલ ચુડાસમા સામે ફરિયાદ નોંધાવવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)ગીર સોમનાથ

સોમનાથમાં રેલવે સ્ટેશન સામે આવેલી સરકારી જમીન પરથી દબાણ હટાવવાની કાર્યવાહી દરમિયાન વિરોધ પ્રદર્શન થતાં પોલીસે કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચુડાસમા સહિત ૧૪ લોકોની અટકાયત કરી છે. આ દબાણ હટાવવાની કાર્યવાહીનો વિરોધ કરવા મોટી સંખ્યામાં લોકો સોમનાથ-વેરાવળ હાઈવે પર બેસી ગયા હતા, જેના કારણે રસ્તો બ્લોક થઈ ગયો હતો અને ચક્કાજામના દ્રશ્યો સર્જાયા હતા.

પ્રશાસન દ્વારા ગત રોજ દબાણ હટાવવાની તૈયારી કરવામાં આવતા અનેક ઝૂંપડા અને અન્ય ગેરકાયદેસર બાંધકામો દૂર થવાની ભીતિથી લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને વિરોધ નોંધાવ્યો હતો. ખાસ કરીને ગુડલક સર્કલ નજીક ગેરકાયદેસર જમીન પર દબાણ હટાવવા ગયેલા અધિકારીઓ સામે મહિલાઓ અને શ્રમજીવી પરિવારોએ ઉગ્ર વિરોધ કર્યો હતો. આ ઘટનાને પગલે પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં ધારાસભ્ય વિમલ ચુડાસમા સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. વેરાવળના મામલતદારે આ ફરિયાદ નોંધાવી છે, જેમાં રાયોટિંગ (હુલ્લડ), ફરજમાં રુકાવટ અને પોલીસ પર હુમલા જેવા ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. આ ઘટના દરમિયાન એક પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનના એએસઆઈ હિરેન ઝાલાને માથામાં ઈજા પહોંચી હતી, જ્યારે અન્ય એક પોલીસ કર્મચારીને પણ મૂંઢ માર વાગ્યો હતો. બંને ઈજાગ્રસ્ત પોલીસ કર્મચારીઓએ સારવાર લીધી હતી. પોલીસે આ મામલે વિમલ ચુડાસમા સહિત ૧૫થી વધુ લોકોની અટકાયત કરી છે, જ્યારે ૩૦થી વધુ લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. જેમાં ૧૫ વ્યક્તિઓ પર નામજોગ ફરિયાદ દાખલ કરવામાં આવી છે, જ્યારે ૪૦થી વધુના ટોળા પર પણ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
મહાનગર સેવાસદન
સરદાર પટેલ ભવન,દાણાપીઠ,અમદાવાદ-૩૮૦૦૦૧

અંબુભાઈ પુરાણી વ્યાયામ વિધ્યાલય હસ્તકની રાણીપ સ્કેટીગ રીક કોન્ટ્રાકટથી ચલાવવા માટેની જાહેરાત

| | |
|---|---|
| ભાવ ભરવાની છેલ્લી તારીખ અને સમય (ભરેલ ભાવ પર ૧૮ % જી.એસ.ટી. અલગથી ગણવાનો રહેશે.) | તારીખઃ-૨૪/૦૪/૨૦૨૫ બપોરે ૦૨:૦૦ કલાક સુધી |
| ભરેલ ભાવ ખોલવાની તારીખ અને સમય | તારીખઃ- ૨૪/૦૪/૨૦૨૫ બપોરે ૦૩:૦૦ કલાક |
| ભાવ ભરીને આપવા તથા ભરેલ ભાવ ખોલવા માટેનું સ્થળ | ટેન્ડર ઓફિસર, સેન્ટ્રલ રેકોર્ડ ઓફિસ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧ |
| સ્કેટીગ રીક ચલાવવા માટેની શરતો મેળવવા માટે | www.ahmedabadcity.gov.in<br>અંબુભાઈ પુરાણી વ્યાયામ વિધ્યાલય,ઓફિસ |

મ્યુનિસિપલ સેવાને લગતી ફરિયાદ માટે ડાયલ કરો : ૧૫૫૩૦૩

ડે.મ્યુનિ. કમિશનર
(વ્યાયામ વિદ્યાલય)

# વકફ બીલને સમર્થન આપવાના પરીણામો નિતીશ ભોગવી રહ્યા છે: ૨૦થી વધુ મુસ્લીમ અધિકારીઓના રાજીનામા

પ્રતિનિધિ,ગાંધીનગર

સંસદના બંને ગૃહોમાં વકફ સુધારા બીલ પસાર થયા બાદ નિતીશ કુમાર ના નેતૃત્વ હેઠળના જનતાદળ (યુનાઈટેડ ) માં રાજીનામાનો દોર શરૂ થઈ ગયો છે. જેડીયુના સાંસદોએ ગૃહમાં વકફ બીલને સમર્થન આપ્યુ હતું. આના વિરોધમાં શુક્રવાર સુધીમાં ૫ મોટા નેતાઓ પાર્ટી છોડી ચુકયા છે. આ પછી ૨૦ થી વધુ મુસ્લીમ અધિકારીઓએ પણ પાર્ટી છોડવાની જાહેરાત કરી છે.

રાજીનામુ આપનારા નેતાઓમાં નદીમ અખતર, રાજુ નૈય્યર, તબરેઝ સીદીકી અલીગઢ, મોહમંદ શાહ નવાઝ મલીક અને મોહમંદ કાસીમ અંસારીનો સમાવેશ થાય છે. બિહારમાં થોડા મહિનામાં વિધાનસભાની ચુંટણીઓ યોજાવવાની છે આવી સ્થિતિમાં આ પાર્ટી માટે ચિંતાનો વિષય છે. જેડીયુના કાર્યકરોમાં અસંતોષ વધી રહ્યો છે. ભવિષ્યમાં પક્ષને તેનુ પરીણામ ભોગવવુ પડી શકે છે. રાજુ નાયરે પોતાના રાજીનામા પત્રમાં કહ્યુ હતુ કે વકફ સુધારા બીલને જેડીયુ ના સમર્થનથી તેમને ખુબ દુખ થયુ છે અને તેમણે તેનો મુસ્લીમો પર અત્યાચાર કરતો કાળો કાયદો ગણાવ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે વકફ સુધારા બીલ લોકસભામાં પસાર થયા પછી અને સમર્થન મળ્યા પછી હું જેડીયુમાંથી રાજીનામુ આપી રહ્યો છું અને પાર્ટીની બધી જવાબદારીઓમાંથી મુકત થવા વિનંતી કરી, જેડીયુના વડા અને બિહારના મુખ્યમંત્રી નિતીશકુમારને સંબોધીત પોતાના રાજીનામા પત્રમાં તબરેઝ હુસેને કહ્યુ હતુ કે વકફ સુધારા બીલને પાર્ટીના સમર્થનથી મુસ્લીમોનો વિશ્વાસ તુટી ગયો છે. જેઓ માનતા હતા કે તે ધર્મ નિરપેક્ષ મુલ્યોનુ સમર્થન કરે છે. મને આશા હતી કે તમે તમારી બિન સાંપ્રદાયીક છબી જાળવી રાખશો, પરંતુ તેના બદલે તમે એવા લોકોનો પક્ષ લીધો જેમણે સતત મુસ્લીમોના હીતોની વિરૂધ્ધ કામ કર્યુ છે. તબરેઝે એક પત્રમાં લખ્યુ હતુ કે ઓલ ઈન્ડીયા મુસ્લીમ પર્સનલ લો બોર્ડે એ ભાજપના સાથી પક્ષો અને સાંસદો સહિત તમામ ધર્મ નિરપેક્ષ રાજકીય પક્ષોને વકફ સુધારા બીલને નકારી કાઢવા હાંકલ કરી હતી. આજે શનિવારે મુખ્યમંત્રી નિતીશ કુમારે વકફ બીલને સમર્થન આપ્યા બાદ ઔરંગાબાદ જેડીયુના ૨૦ થી વધુ




મુસ્લીમ પદાધિકારીઓએ સામુહિક રીતે રાજીનામુ આપી દીધુ છે. જેડીયુ લેબર અને ટેકનીકલ સેલના જિલ્લા પ્રમુખ આફીદી રહેમાને તેમના ઘરે પાર્ટીની નેમપ્લેટ તોડી નાખી અને તેમના સમર્થકો સાથે સુત્રોચ્ચાર કર્યા હતા. જેડીયુના નેતા આફીદી રહેમાને તેમના ૨૦ થી વધુ સમર્થકો સાથે પાર્ટીમાંથી રાજીનામુ આપીને વિરોધ કર્યો હતો. આ દરમિયાન નિતીશકુમાર મુર્દાબાદ અને નિતીશકુમાર હાય હાય ના નારા પણ લગાવવામાં આવ્યા હતા. વકફ માં સુધારા રોકવા માટે સુત્રોચ્ચાર પણ કરવામાં આવ્યા હતા. બુધવારે લોકસભામાં આ બીલ પર ચર્ચા શરૂ થઈ હતી અને મોડી રાત્રે ગૃહ દ્વારા બીલ પસાર કરવામાં આવ્યુ હતું બીજા દિવસે રાજયસભામાં બીલ પર લાંબી ચર્ચા થઈ અને અહીં પણ તે પસાર થઈ ગયુ હવે આ બીલ પર રાષ્ટ્રપતિ દ્વારા સહી થવાની બાકી છે. રાજયસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે એ જણાવ્યુ હતુ કે વકફ (સુધારા) બીલના પક્ષમાં ૧૨૮ સભ્યોએ મતદાન કર્યુ હતુ જયારે ૯૫ સભ્યોએ તેની વિરૂધ્ધ મતદાન કર્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે અંતિમ ગણતરીઓમાં સુધારો કરી શકાય છે. ગુરૂવારે લોકસભાએ લાંબી ચર્ચા બાદ બીલ પસાર કર્યુ. નરેન્દ્ર મોદી સરકારે બીલનો જોરદાર બચાવ કર્યો હતો. જયારે વિપક્ષે તેને ગેરબંધારણીય અને ધાર્મિક સ્વતંત્રતા માટે ખતરો ગણાવીને ટીકા કરી હતી.

# પીજીવીસીએલના નફામાં એક વર્ષમાં વધારો : આવક રૂ. ૩૨૬૦ કરોડ વધી

## અસરકારક વહિવટ અને ટેકનોલોજીના સાથથી નફો ૫૩ કરોડથી વધીને રૂ.૨૮૧૬ કરોડ થયો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની અગ્રણી વીજ વિતરણ કંપની પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ (પીજીવીસીએલ) એ એક વરસમાં નફામાં નોધપાત્ર વધારો હાંસલ કર્યો છે. કંપનીનો નફો ગત વર્ષના રૂપીયા ૫૩ કરોડથી વધીને રૂપીયા ૨૮૧૬ કરોડ થયો છે. જેમાં ૨૭૬૩ કરોડ નો ઉછાળો નોધાયો છે. આ સિધ્ધીનુ શ્રેય કંપનીના અસરકારક વહિવટ અને નવી ટેકનોલોજીના ઉપયોગને આપવામાં આવી રહ્યુ છે. આ ઉપરાંત માર્ચ ૨૦૨૪ માં પીજીવીસીએલનુ ટર્નઓવર પણ રૂપીયા ૨૫૧૧૫



કરોડ થી વધીને રૂપીયા ૨૮૩૭૬ કરોડ સુધી પહોચ્યુ છે. જે એક વર્ષમાં રૂપીયા ૩૨૬૧ કરોડ નો વધારો દર્શાવે છે. પીજીવીસીએલની આ સફળતા પાછળ કંપનીના સુચારૂ સંચાલન અને વ્યવસ્થાપનની મુખ્ય ભુમિકા રહી છે. વીજ વિતરણમાં થતા નુકશાનને ઘટાડવા અને ગ્રાહકોને વધુ સારી સેવાઓ પુરી પાડવા માટે કંપનીએ પોતાની કાર્ય પધ્ધતિમાં સુધારો કર્યો છે. ગેરકાયદેસર વીજ ઉપયોગને રોકવા માટે કડક પગલા લેવામાં આવ્યા છે. જેનાથી નાણાંકીય ખોટમાં નોધપાત્ર ઘટાડો થયો છે. આ ઉપરાંત ગ્રાહક સેવાઓને વધુ સરળ અને ઝડપી બનાવવા માટે ઓનલાઈન પ્લેટફોર્મનો વિસ્તાર કરવામાં આવ્યો છે જેના પરીણામે ગ્રાહકોનો વિશ્વાસ વધ્યો અને આવકમાં વધારો થયો. પીજીવીસીએલે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને પોતાની કાર્યક્ષમતામાં નોધપાત્ર સુધારો કર્યો છે. સ્માર્ટ ગ્રીડ સિસ્ટમ અને ઓટોમેટેડ મીટર રીડીંગ જેવી ટેકનોલોજીઓના અમલ થી વીજ નુકશાન ઘટાડવામાં મદદ મળી છે. આ સિસ્ટમથી ગ્રાહકોને રીઅલ - ટાઈમમાં વીજ વપરાશની માહિતી મળે છે જેનાથી તેઓ પોતાના વપરાશને નિયંત્રીત કરી શકે છે. આ ઉપરાંત ડેટા એનાલીટીકસ નો ઉપયોગ કરીને કંપનીએ વીજ માંગ અને પુરવઠાનુ અસરકારક રીતે આયોજન કર્યુ જેનાથી સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ થયો.

# ગુજરાત ભાજપમાં નવા જુની થવાના એંધાણ : સરકારમાં પણ મોટી ઉથલ પાથલ થાય તેવી શકયતાઓ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયમાં ઘણા સમયથી પ્રદેશ પ્રમુખના નામનુ કોકડુ ગુંચવાયેલુ છે. ભાજપ ગુજરાત એકમમાં નવાજુની કરવાની તૈયારીમાં છે. ભાજપના પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધન ઝડફીયા સહિતના નેતાઓ દિલ્હી પહોચ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રદેશ પ્રમુખ વિલંબને કારણે મંત્રી મંડળ વિસ્તરણમાં પણ મોટો વિલંબ થઈ રહ્યો છે. કારણ કે મંત્રી મંડળ વિસ્તરણમાં પણ મોટો જુથવાદ ઉભો થવા પામ્યો છે. આ જુથવાદમાં પાટીલ જુથ, અમિત શાહ જુથ અને ભુપેન્દ્ર પટેલનુ જુથ એમ ૩ જુથ અલગ અલગ મંત્રી મંડળમાં સમાવેશ કરવા માટે દોડધામ કરી રહ્યા છે. ગોરધન ઝડફીયા સહિતના નેતાઓ દિલ્હી જવાને લઈને આગામી સમયમાં કોઈ મોટી જાહેરાત થાય તેવી શકયતા છે. હાલ ભાજપ પ્રદેશ પ્રમુખ માટે




ઓબીસી મોરચાના નેતાઓ દિલ્હી પહોચ્યા છે. સુત્રોના જણાવ્યા પ્રમાણે હાલ ભાજપમાં કોળી સમાજની મહિલા નેતાને પ્રદેશ પ્રમુખ બનાવવાની તૈયારી છે. આમ છતાં આરએસએસ ના કોઈ ચહેરાને પણ તક આપવામાં આવી શકે છે. આ વખતે ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકે મહિલા અથવા આરએસએસ નો ચહેરો આવે તેવી શકયતા છે. ઓબીસી મોરચાના નેતાઓ સાંસદ મયંક નાયકના મહેમાન બન્યા છે. તેથી ઓબીસી પ્રદેશ પ્રમુખ પદે આવે તેવી અટકળો છે. આ ઉપરાંત સુત્રોના કહેવા પ્રમાણે મંત્રી મંડળનુ વિસ્તરણ પણ નકકી છે. ટુંકમાં ચાલુ મહિનાના અંત સુધીમાં મંત્રી મંડળ વિસ્તરણથી લગાડી પ્રદેશ પ્રમુખ સહિતની કામગીરી પુર્ણ કરી દેવાશે. તેવુ ભાજપના ટોચના સુત્રો જણાવી રહ્યા છે. મંત્રી મંડળમાં પણ મોટી ઉથલ પાથલ થાય તેવી શકયતાઓ છે. મંત્રી મંડળમાં ૬ જેટલા મંત્રીઓને રીપીટ કરવામાં આવશે અને બાકીના ચહેરાઓને બદલવામાં આવશે. ગુજરાતમાં હાલમાં રાજયનુ પ્રધાન મંડળ ૧૬ સભ્યોનુ છે. મંત્રી મંડળમાં હજુ પણ ૧૦ નવા સભ્યોનો સમાવેશ થઈ શકે છે. જો આમ થશે તો રાજયના રાજકારણમાં એક મોટો ફેરફાર જોવા મળી શકે છે. એક ચર્ચા મુજબ અર્જુન મોઢવાડીયા, શંકર ચૌધરી, સી જે ચાવડા, કિરીટસિંહ રાણા, અમિત ઠાકર, ઉદય કાનગડ, જયેશ રાદડીયા, રમણલાલ વોરા, વિરેન્દ્રસિંહ ઝાલા, સંગીતા પાટીલને મંત્રી મંડળ માં પદ મળી શકે છે. જયારે સીનીયર મંત્રીઓમાં જોઈએ તો ગણપત વસાવા ફરી મંત્રી મંડળમાં સમાવેશ થઈ શકે છે.

# રાજયના તમામ જિલ્લાઓમાં ગરમીનુ પ્રમાણ જોઈને જિલ્લા શિક્ષણાધિકારી શાળાના સમયમાં ફેરફાર કરી શકશે : શિક્ષણમંત્રી

પ્રતિનિધિ,ગાંધીનગર

હીટવેવ સંદર્ભે માહિતી આપતા શિક્ષણ રાજયમંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યુ હતુ કે રાજયના બાળકોનો હિત રાજય સરકાર માટે સર્વોપરી છે. પ્રાથમિક શાળાના બાળકો સાયલન્ટ ડીઝાસ્ટર હીટવેવ નો શિકાર ન થાય તે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં હીટવેવ સંદર્ભે પ્રાથમિક વિભાગની શાળાઓ માટે એક માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. વધુમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ હતુ કે ગુજરાતના તમામ જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણાધિકારી ગરમીનુ પ્રમાણ જોઈને શાળાના સમયમાં ફેરફાર કરી શકશે, તેમને રાજય સરકાર પાસે કોઈપણ પ્રકારની મંજુરી મેળવવાની રહેશે નહી, શાળામાં વિદ્યાર્થીઓ પ્રાર્થના બાદ ઉનાળાના સમયગાળા દરમિયાન મેદાનમાં ખેલ કુદની પ્રવૃત્તિઓ કરી શકશે નહી. ઉનાળાની ગરમીમાં શિક્ષકોએ વિદ્યાર્થીઓ સમયસર પાણી પીવે તે તેમને યાદ કરાવવાનુ રહેશે. રાજયના નાગરીકોએ હીટવેવ થી ડરવાની નહી પણ જાગૃતિ સાથે પોતાના બાળકની કાળજી રાખવાની જરૂર છે તેવુ મંત્રીએ ઉમેર્યુ હતું.

